સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

હોડી રાખો સબમરીનમાં આપણાં કામ નહીં!
આસારામ રાખો, દાઉદમાં આપણાં કામ નહીં!
તોડફોડ ભો, સંગઠનમાં આપણાં કામ નહીં!
ગુજરાતમાં હાલ્યું દિલ્હીમાં આપણાં કામ નહીં!

ગૂલાંટો ખાધી-
ખાયકી ખાધી, હવે
હિંચકા ખાશે!!
(સદસ્યનિવાસ - સુવિધા)(આપણા ભાગ્યવિધાતાઓ)

નીચા સ્તરનો,
નપુંસક પ્રચાર -
રાષ્ટ્રીય નેતા..

ચિંતન

યસ્માદ્વિશ્વમુદેતિ યત્ર રમતે યસ્મિન્પુનર્લીયતે ભાસા યસ્ય જગદ્વિભાતિ સહજાનન્દોજ્જવલં ચન્મહઃ ।
શાન્તં શાશ્વત ભક્તિયં ચમપુનર્ભાવાય ભૂતેશ્વરં દ્વૈતધ્વાન્તમયાસ્ય યાન્તિ કૃતિનઃ પ્રસ્તૌભિ તં પુરૂષમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના પ્રથમ પ્રકરણનો આ શ્લોકમાં બૃહસ્વરૂપ-પરમાત્માનું સ્વરૂપ વર્ણન સાથે વંદના છે :

'જે બ્રહ્મ સ્વરૂપમાંથી આ વિશ્વ ઉદય પામે છે અર્થાત્ બ્રહ્મ-પરમાત્માનો અંશ આત્મા જન્મે છે. બ્રહ્મ તેજ એમાંથી છૂટું પડે છે અને એમાં જ લય પામી વિલય થાય છે અર્થાત્ આત્મા જ પરમાત્મા છે. જેના પ્રકાશમાંથી જ આ સઘળું જગત પ્રકાશિત થાય છે. જેના સ્વરૂપનું તેજ સ્વાભાવિક અને નિર્ભેળ આનંદ આપનારું છે અને તે જ કારણે તે ઉજ્જવળ-દિવ્ય છે. મહાત્માઓ-સંત-જ્ઞાનીઓ દ્વૈત રૂપી (આત્મા-પરમાત્મા)ના ભેદના અંધકારને દૂર કરનારા છે તેથી જ તેઓ શાંત-શાશ્વત-નિષ્ક્રિય અને સર્વના ઇશ્વર-પરમાત્માને મુક્તિ માટે - એટલે કે આ આત્માને પરમાત્મામાં લીન થઇ જવા અને મુક્તિ માટે - ફરી જન્મ જ પ્રાપ્ત ન કરવો પડે સતત જાગૃત રહે છે.'

અહીં એટલા માટે જ કવિશ્રી આત્માને પુરૂષોત્તમ સ્વરૂપ પરમાત્મા પદ પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે.

સુવિચાર

- કર્મયોગ માણસને નિષ્કામત્ત્વ, પરોપકાર અને દિવ્યત્વ તરફ દોરી જાય છે, એટલે માણસે કર્મશીલ બનવું જોઇએ, કર્મશીલ કદી ઉદાસ બની શકે નહીં - *ઋગ્વેદનિષદ*
- પ્રેમ વર્તુળનો વિષય નથી, સરહદ છે ત્યાં સુધી પ્રેમ નથી, જ્યાં પ્રેમ છે ત્યાં હદ નથી - *માનસસૂત્ર*
- વહેમી પણ આખરે તો માર્ગ ભૂલેલો પ્રેમી જ છે. જો વહેમીના હૃદયમાં વહેમને બદલે રહેમનું ઝરણું પ્રગટે તો એ 'રહીમ' બની જાય - *જોસ. મહાવાર્ય*
- જે આંખમાં અમી અને અનુકંપા નથી એ આંખો દિવા વગરનાં કોડિયા જેવી છે - *હૃદયસૂત્ર*
- સ્નેહની લહાણી કરવાની ટેક લઇને જન્મેલા આપણે સૌ જ્યારે નફરતની પાંખો લઇ ઉડીએ છીએ ત્યારે ભગવાન રડે છે અને શૈતાન હસે છે - *ડો. ચંદ્રકાન્ત મહેતા*
- ભાવનાની સ્થૂળતાનું મહત્ત્વ નથી, મહત્ત્વ તો છે ભાવનાની સ્થિરતાનું, બુદ્ધિને સારથિ બનાવનાર દુઃખી થાય છે, પ્રબુદ્ધત્વને સારથિ બનાવનાર સુખી થાય છે - *ભાસદેવ*
- પ્રભુએ જેનો સ્વીકાર કર્યો છે તે અવંદનીય પણ વંદનીય થઇ જાય છે - *ફાધર વર્ગીસ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આપણે જુદા જુદા દેવ-દેવીઓના ધામમાં દર્શને જઇએ છીએ. માનતા-બાધા રાખી પદયાત્રા પણ કરીએ છીએ. પૂનમ-ચોથ ભરીને છીએ. આત્મા એજ પરમાત્મ સ્વરૂપ છે. કબીર-રહદાસ તો કથરોટમાં જ ગંગા છે એમ કહે છે. નરસિંહે આ બ્રહ્મ પાસે બ્રહ્મનાં લટકાં કહ્યાં છે. ગાંડો, ગાંડપણમાં પોતે ક્યાં છે એની ખબર નથી પડતી. છતાં પોતાનો છોડાવવા પ્રાર્થના કરે છે.

એક ગાંડાને ગાંડાની હોસ્પિટલમાં દાખલ કર્યો. થોડી ઘણી સમજ હતી. દવા દારૂ ઉપરાંત માનસશાસ્ત્રીઓની મથામણ અને ઇલેક્ટ્રીક શોકથી ત્રાસી જઇ એ બૂમો પાડતો હતો. 'મને ઘરે લઇ જાવ- ઘરે લઇ જાવ'.

આવું અનેકવાર બન્યું, ઘરે લાવે, થોડું ઠીક લાગે ફરી ગાંડપણ ઉપડે-દવાખાને લઇ જાય, પાછા ઘેર લાવે.

હવે ગાંડાને ટેવ પડી ગઇ ઘરે હોય તો પણ 'મને ઘેર લઇ જાવની બૂમો પાડતો જ રહ્યો.'

ફાધર વાલેસે આ દૃષ્ટાંતનો સરસ ઉપયોગ કરી આત્મા-પરમાત્માની, બ્રહ્મ-પરબ્રહ્મની વાત સમજાવી છે.

એક મુમુક્ષુ સત્સંગીએ આવી ફાધરને પૂછ્યું, ભગવાન સુધી પહોંચવાનો સરળ માર્ગ ક્યો છે? એ ક્યાં-કેવી રીતે મળે છે? મને સાધનાનો માર્ગ બતાવો!

ફાધરને પેલી ગાંડાની વાત યાદ આવી. આપણા અંદર જ હૃદયના ધામમાં બેઠેલા પરમાત્માને યાત્રાધામોમાં શોધવા નીકળી પડીએ છીએ. 'ઘરમાં બેઠેલો જ બૂમો પાડે છે મને ઘરે લઇ જાવ! હું જ બ્રહ્મ છું છતાં બ્રહ્મને શોધવા ફાંફાં મારું છું.'

Email - sureshchandrabhatt18@gmail.com

મોરપિંછની મૃદુતામાંથી ઘાટ પામી હોય તેવી મુલાયમ અને મેઘધનુષી વાર્તાઓ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ટૂંકી વાર્તાનું સ્વરૂપ પ્રત્યેક સર્જનને આકર્ષતું રહ્યું છે અને પ્રત્યેક દાયકામાં થોડા નોંધપાત્ર વાર્તાકારો ગુજરાતી ભાષાને મળ્યા છે. તેઓ સર્જનમાં વિવિધ પ્રયુક્તિઓનો વિનિયોગ કરીને ભાવકના મનને પરિતોષ આપે અને વાર્તારસ જળવાય તેવી ખેવના રાખતા હોય છે. કારણ કે મૂળ તો સમાજમાં બનેલી કે બનતી ઘટનાને વિવિધ તરેહની વાર્તાકાર અભિવ્યક્ત કરતો હોય છે. એમાં ભાષાની લઢણો સાથે પ્રતિક કે વર્ણન દ્વારા તે વાર્તાને રસિક બનાવે છે. સાથે ગદ્યને સર્જનાત્મક બતાવવા તરફની તેની દૃષ્ટિ દેખાય છે. પણ મૂળ આશય ભાવકને આનંદ મળે એ જ હોય છે તેમ મારું માનવું છે.

હાં, આજે મારે તમને તાજેતરમાં પ્રગટ થયેલા યોગેશ જોષીના વાર્તા સંગ્રહ 'અઢારમો ચહેરો' ની વાત કરવી છે. 'હજીયે કેટલું દૂર?' અને 'અધખૂલી બારી' પછી લેખકનો આ ત્રીજો વાર્તાસંગ્રહ છે. અગાઉ કવિ હર્ષ બ્રહ્મભટ્ટ અને ઉર્મિલા ઠાકરે તેમની વાર્તાઓનું 'યોગેશ જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ' નામે અભ્યાસપૂર્ણ સંપાદન કરેલું છે.

લેખક પોતાની વાર્તાની સર્જન પ્રક્રિયા અંગે ખુબ જ વિનમ્રભાવે કબૂલાત કરે છે કે 'મારો પહેલો પ્રેમ કવિતા છે. વાર્તા બીજ મનમાં રોપાતાં રહે પણ વાર્તા લખાય નહીં એવું થતું રહે છે. પરંતુ કોઇ તંત્રી કે સંપાદકનું વાર્તા માટે નિમંત્રણ આવે ત્યારે ચિત્તમાં ઘણાં સમયથી પડી રહેલાં અને ફણગા નહિ ફૂટેલાં વાર્તાબીજ સળવળવા લાગે છે. વાર્તા મોકલવાની છેલ્લી તારીખ નજીક આવતી જાય તેમ તેમ સર્જકતાની વાત સંકોરાતી જાય છે. લેખકની મોટા ભાગની વાર્તાઓ આ રીતે સર્જાઇ હોવાની લેખકે તેમના નિવેદનમાં કબૂલાત કરી છે.'

'અઢારનો ચહેરો' વાર્તા સંગ્રહમાં કુલ-૧૮ વાર્તાઓ આપણને મળે છે. જેમાં સંગ્રહમાં સમાવાયેલી પ્રથમ વાર્તાના શિર્ષક પરથી વાર્તાસંગ્રહનું શિર્ષક આપવામાં આવેલું છે. તેમાં લેખક સત્તર ફાંસી આપનાર જલ્લાદના હૃદયની સંવેદનાશીલતા અને મનોસ્થિતિનું વર્ણન ખુબ જ હૃદયસ્પર્શી રીતે કર્યું છે. તે સાથે વાર્તામાં જલ્લાદ સબળસિંગ દાદા પાસેથી સાંભળેલી ગીતામાં ઉપદેશથી મનને મનાવવાનો પ્રયત્ન કરે છે પણ તેમાં જાણે કે સફળ થતો નથી અને એવી મનોસ્થિતિએ પહોંચે છે કે ચક્કર ખાઇને ધબાક્ કરતો હેઠો પડે છે. પરંતુ પિતાને શું થયું? તે બાબતે ચિંતામાં તેનો પુત્ર દોડ્યો અને શું થયું તે જોવાના બદલે ગ્રેટ લીવર ખેંચ્યું. એ રીતે જલ્લાદનો દીકરો જલ્લાદનો વ્યવસાય સ્વીકાતો બનાવ્યો છે. પરંતુ જલ્લાદનો દીકરો ફાંસીના સ્થળે હાજર હોય એ વાત કંઇ ગળે ઉતરે એવી નથી. ભલે કદાચ વાર્તામાં ચમત્કૃતિ લાવવા માટે લેખકે તે મુકી હોય.



તો 'અધૂરા ચાકળામાં આભલા' વાર્તામાં કેશવને પોતાની દીકરી ભીખીના અધુરાં અરમાનને પુરા કરવાની ઓરતા વચ્ચે ઝૂંપટપટ્ટીના દબાણને હટાવતા જેસીબી મશીનની રાક્ષસી તાકાત, ગેરકાયદે બાંધકામો અંગે લોકોનો મત વ્યક્ત કરવા સાથે તેમના માટેની ચૈકલ્પિત વ્યવસ્થાની વાત સાથે અધુરા તૂટેલા મકાનમાં પ્રસંગ ઉજવવાનો એક ગરીબ, લાચાર સ્ત્રીનો પ્રયાસ તૂટેલા પાણિયારે દીવો કરતાં આશાનો ઉજાસ ફેલાવે છે અને અધુરા ચાકલામાં તે આભલા ચોડવા લાગે છે. તે પછીની 'આસ્થા'માં SC પ્રત્યેની સમાજની માનસિકતા અને તેમાં પ્રત્યેનો આસ્થાનો આક્રોશ કથાના અંતે ડબ્બામાંથી એક પછી એક લાડવા તળાવમાં નાંખે છે તેમાં વ્યક્ત થયો છે.

'ઓળખાણ' વાર્તામાં નાયક પહેલાં તેને મળતા મિત્રોને ઓળખતો નથી, તો પછી આગળ જતાં જાણે કે તેના મિત્રો અને ખુદ તેની મમ્મી તેનો ઓળખતી નથી એ અનુભવ વર્ણવ્યા પછી અંતે વાચકના મનમાં પણ એ વાત રમતી રહે છે કે ખરેખર દરેકના જીવનમાં ક્યારેક તો આવું બનતું જ હોય છે. પણ ઓળખાણ તમે ન રાખી તેનાથી સામેના વ્યક્તિ પણ કેવી અસર પડી હશે તેનો પોતાને કોઇ ઓળખતું નથી તેઓ અનુભવ થાય ત્યારે જ ખબર પડે છે. 'કિલ્લો' વાર્તા વાંચતા રાજસ્થાનના રાવણહત્યાના કલાકારની વેદના અને ભૂતકાળની સોનેરી યાદો વચ્ચે શ્રમજીવી બની ગયેલ કલાકારના જીવનની ઝાંખી મળે છે. 'ચલો રમકડાં કૂચકદમ વિષે પુસ્તકના અંતે દિ. જાડેજાનો પત્ર છવાયો છે. વાર્તામાં પરંપરાગત, વાર્તાની માફક કોઇ મુખ્ય માનવપાત્ર નથી. ૨૬મી જાન્યુ.એ આવેલા ભૂકંપનું મહાપાત્ર પ્રવેશે છે. 'ભૂકંપમાં ચંદુભૈ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા.' જેવું સાહુ ટૂકું વાક્ય કૃતિને સૂચક વળાંક સરજ રીતે આપી દે છે, 'જીવાદોરી' વાર્તામાં કીડની ફેઇલ થતાં ડાયાબિટીસ પણ જીવતા કેશુભાઇની સારવાર કરતાં કુટુંબીઓ ક્યાંક સ્વાર્થવશ કેવું વિચારે છે તે વાક્ય ઘણું કહી જાય છે. 'જીવનો સરકારી કર્મચારી લાખનો મરે તો સવા લાખનો' આ વિષય પર અગાઉ આવી જ બે વાર્તાઓ વાંચ્યાનું સ્મરણ થઇ આવે છે. એક તો કદાચ પ્રજ્ઞાબેન પટેલની હતી. 'તેડું' વાર્તામાં 'મણીમા' ના અંતિમ ક્ષણોનું હૃદયદ્રાવક વર્ણન મળે છે. તો 'દાદાજી' પણ નોંધપાત્ર કહી શકાય તેવી વાર્તા છે. 'બરફનાં પુષ્પ' માં પુરૂષ સાથેના સંબંધોમાં નિરાશ શિલ્પા અને સોનલ વચ્ચેનો સમલૈંગિક સંબંધની વાત લેખકે બહુ જ ખુબીથી કરી છે. 'મમ્મી પાસે જવું છે' વાર્તામાં વિદેશી કલ્ચરલ જીવતા બાળકના બાળમાનસની વાત છે. 'મુદિતા' વાર્તામાં આધુનિક શિક્ષણમાં એડમીશનનો તણાવ દેખાય છે. 'મેરૂ' વાર્તા ઇન્ટરકાસ્ટ મેરેજ અંગેની ટૂબી ઓર નોટ ટૂ બી જેવી સ્થિતિને દર્શાવતી ગમી જાય તેવી વાર્તા છે. તેમાં અંતમાં તન્વીની નજર ત્રિપેટે આવેલા બસ સ્ટેન્ડ પર પડે છે. જ્યાંથી એક રસ્તો રેલ્વે સ્ટેશન, બીજો કાંકરીયા તળાવ અને ત્રીજો ઘર તરફ...' છે. 'લોહીમાં અંધારું' સ્ત્રી પુરૂષ સંબંધમાં અધુરપને વ્યક્ત કરતી વાર્તા છે. તો 'સોનેરી પિંજરે' માં શિક્ષક જાની સાહેબને પોતાની જ વિદ્યાર્થીની કોલગર્લ બની જતાં મનમાં ઘમસાણ મચે છે. તેમાં સોનેરી પાંજરામાં પુરેલો પોપટ સુંદર પ્રતિક રૂપે ઉપસી આવે છે. 'સોપો' વાર્તા અમદાવાદમાં અવારનવાર થતાં કોમી હુલ્લડોની યાદ તાજી કરાવે છે. તો 'હડતાળ' વાર્તામાં હડતાળથી પડતી મુશ્કેલીઓનેની વાતને લેખકે ખુબ કલાત્મક રીતે મુકી આપી છે. છેલ્લી ૧૮મી વાર્તા છે. 'હારો માણસ' તેમાં મુસલમાન રીક્ષા ડ્રાઇવરની માનવતા અને હિન્દુ મુસ્લિમ એકતાની વાત તેના અંતમાં સરસ રીતે લેખકે મુકી આપી છે. તેના અંતના આ વાક્યો 'મામી રીક્ષામાંથી ઉતર્યા એમના એક હાથમાં થૈલી હતી. બીજા હાથે તેમણે રીક્ષાવાળાનો હાથ પકડ્યોને કહ્યું, તું મને હાચવીને લઇ આયો હૈંડ; ચા પીનં પસસ્ જજે...' રીક્ષાવાળો બોલી ઉઠ્યો.' પણ માજી હું તો 'મુસલમાન છું.' 'તો શું?' રેવામાં બોલ્યાં 'ચા પીનં જા, તુ તો હારો માણસ સ.'

'અઢારમો ચહેરો' પુસ્તકમાં રહેલી આ અઢારેય વાર્તાઓ જાણે મોરપિંછની મૃદુતાથી ઘાટ પામી હોય તેવી મુલાયમ અને મેઘધનુષી છે... પાને પાને ભાષાની તાજગી છે તેમ વાર્તાએ વાર્તાએ પાત્ર વૈવિધ્ય પણ છે. લાગણી - ઉર્મિ નીતરતી આ વાર્તાઓ વાચક ને મજા પડી જાય તેવી છે. આ તમામ વાર્તાઓ અગાઉ 'નવનીત સમર્પણ', 'અખંદ આનંદ', 'ખેવના', 'કુમાર', 'સાધના', 'વિચારધારા' અને 'દિવ્ય ભાષ્કર' જેવાં માતબર સામાયિકો/દૈનિકોમાં છપાયેલી છે. સાંપ્રત સમય તેમાં ઝીલાયો છે.

'અઢારનો ચહેરો' વાર્તાસંગ્રહના લેખક યોગેશ જોષી પરબના તંત્રી છે. તે ઉપરાંત તેમના ૪ કાવ્યો સંગ્રહો, ૭ નવલ કથાઓ, ૪ વાર્તાસંગ્રહો, ચરિત્ર, નિબંધ, પરિચય પુસ્તિકા, અનુવાદ, સંપાદનનાં ૭ પુસ્તકો અને બાળ સાહિત્યનાં ૧૪ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. તેમનાં બાળ સાહિત્યના પુસ્તકોના અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષામાં અનુવાદો પણ થયા છે. 'ઉશનમ્ પારિતોષિક' અને 'જયંત પાઠક' પુરસ્કારથી સન્માનિત લેખકને સાહિત્ય અકાદમી, ગુ.સા. પરિષદ અને ઘનશ્યામ ઘસ શરાફ પુરસ્કારો પણ પ્રાપ્ત થયેલા છે. લેખકનો હવે પછીનો કાવ્ય, સંગ્રહ 'હાલકડોલક શ્વાસ' પ્રગટ થનાર છે. ત્યારે 'અઢારમો ચહેરો' વાર્તા સંગ્રહને આવકારું છું અને અભિનંદુ છું.

અઢારમો ચહેરો (વાર્તાસંગ્રહ)
લેખક - યોગેશ જોષી
પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
કિંમત રૂા.૧૨૫, પૃષ્ઠ-૧૬૬, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

બાળલગ્ન અટકાવવાના કાનૂનો બન્યા છે પરંતુ જયાં સુધી હિંમતવાન નાગરિકો અને સમજુ મા-બાપ તૈયાર ન થાય અને આર્થિક સ્થિતિ ન સુધરે ત્યાં સુધી માત્ર કાનૂનનો ડંડો પછાડવાથી સારા પરિણામ નહિ સાંપડે

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

સંયુક્ત રાષ્ટ્રસંઘના અનુરોધથી દેશ અને દુનિયા પ્રતિવર્ષ ૩ જાન્યુઆરીનો દિવસ આંતરરાષ્ટ્રીય બાલિકા દિન તરીકે ઊજવે છે. જે બહુ સારી વાત છે. હજારો વર્ષોથી સ્ત્રીને એના દરેક સ્વરૂપમાં, બાલિકા-બહેન-વહુ-માતાના સ્વરૂપમાં પુરૂષ કરતાં ગૌણ જ ગણવામાં આવી છે. ઇતિહાસ અને સમાજશાસ્ત્રના સંશોધકો જણાવે છે કે આદિકાળમાં પરિવારમાં સ્ત્રીનું પ્રભુત્વ હતું. એના અવશેષ હજુય મ્યાનમારના કેટલાક જનસમૂહોમાં અને કેરળના નાયર જનસમૂહમાં જોવા મળે છે, પરંતુ એવા કેટલાક અપવાદોને બાદ કરતાં પુરૂષ સામેસ્ત્રીને અને બાળક સામે બાળકીને સહન જ કરવાનું હોય છે. શિક્ષણમાં, પોષણમાં ઇતર પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહનમાં, ચેતોવિસ્તાર માટેનાં ખર્ચમાં, સામાજિક દરજ્જામાં, રાજકીય ભાગીદારીમાં એમ દરેક પ્રકારે નારીજાતિ પ્રત્યે સાધારણપણે અન્યાય દાખવવામાં આવે છે. અલબત્ત, આ નિયમમાં હવે ઘણાં અપવાદ જોવા મળે છે. 'દીકરો-દીકરી એક સમાન' ને માત્ર સૂત્ર તરીકે નહિ અપનાવતા, અનેક પરિવારો એનો અમલ કરે છે. આમ છતાં, હજુ બાલિકાને અન્યાય થાય એવી સ્થિતિઓ એક ક્ષેત્રે પ્રવર્તે છે.

આજે આપણે આમાંનું એક ક્ષેત્ર બાળલગ્નનું ક્ષેત્ર તપાસીએ. સૌથી મોટી વાત સૌથી પહેલી જણાવીએ. આજકાલ દુનિયાની કુલ વસતી ૮ અબજ જેટલી છે, જેમાં ભારતની ૧૨૦ કરોડની વસતી કુલ વસ્તીનાં ૧૫ ટકા ગણાય, પરંતુ વિશ્વમાં જે બાળલગ્નો થાય છે એમાંના ૪૦ ટકા ભારતમાં થાય છે! અરે, અહીં રાજસ્થાન નામનો એક પ્રદેશ એવો છે જેની પ્રૌઢ સ્ત્રી-વસ્તીના ૮૨ ટકાના લગ્ન કાનૂની લગ્નવય અગાઉ થઇ ગયેલા!

બાળલગ્નોના કારણ ઘણાં છે. એક કારણ ધર્મનું છે. ધર્મને નામે ચાલતા એક શ્લોકમાં કહેવાયું છે કે દીકરી ઋતુમતી થાય તે પછી તરત જ એનો પરણાવી ન દેનાર માબાપ નરકમાં પડે છે! દક્ષિણ ભારતમાં વળી એવી ધાર્મિક માન્યતા છે કે જે દાદા-દાદી. પૌત્ર-પૌત્રીના લગ્ન જોવા પામે છે. એમને સીધું સ્વર્ગ મળે છે! પરિણામે અસંખ્ય પરિવારોમાં દાદા કે દાદી બિમાર પડે કે તરત નાની બાળકીના લગ્ન કરી નાખવાની ધમાલ શરૂ થાય છે. કેટલાક કિસ્સામાં આવી બિમારીને કારણે લગ્ન કરાયા પછી દાદા કે દાદી સાજા થઇ જાય છે અને ઘડપણની નરકીય યાતનાઓ ભોગવવા જીવતાં રહે છે. સ્વર્ગ પ્રાપ્તિની એમની ઝંખનાને પરિણામે બિચારી બાળકી નરક ભોગવે છે!

અલબત્ત, બાળલગ્નો માટેનું એક કારણ ગરીબી છે. દાખલા તરીકે બિહાર લઇએ. સમગ્ર દેશમાં ઓછામાં ઓછી માથાદીઠ આવક બિહાર અને રાજસ્થાનમાં છે અને બાલિકા લગ્નોની સૌથી ઊંચી ટકાવારી આ બે રાજયોની છે. ગરીબ માબાપ પોતાની દીકરીઓને જલદી જલદી 'ઠેકાણે પાડી દેવા' અને એ રીતે એમના નિભાવના ખર્ચથી બચવા ઉતાવળા થાય છે. ગરીબ માનવોએ વસવાટ પણ એવી જગ્યાએ અને એવી સુવિધામાં કરવો પડે છે કે એમના બાળકો શિકારી જાતીય વૃત્તિવાળા દુષ્ટોના શિકાર બની જવાનો સંભવન રહે છે. આથી દીકરી કોઇ રાક્ષસની વૃત્તિનો શિકાર બને તે અગાઉ 'કાયદેસર' ના જીવનમાં જોડાઇ જાય, એવી પણ લાગણી બાળલગ્ન પાછળ હોઇ શકે. ક્યારેક કુદરતી આફતો કે હુલ્લડ જેવી ઘટનાઓને પરિણામે પરિવારોએ એવી હાલતમાં રહેવું પડે છે કે જયાં નાની દીકરીઓને સલામતી જોખમમાં રહે છે અને આવી સ્થિતિમાં પણ છોકરીને કોઇ ખીલે બાંધી દેવાની વૃત્તિ જન્મી શકે છે.

કેટલાક જનસમૂહોમાં દીકરીના બાળલગ્નનો રિવાજ ચાલ્યો આવે છે. ગુજરાતમાં ભરવાડ કોમમાં એવી પણ પ્રથા છે કે અમુક વર્ષ સમૂહલગ્નોનો યોગ આવે. એ વખતે નાનાં-મોટાં અનેક બાળકોને પરણાવી દેવાય છે. અમે નાના હતા ત્યારે અમારા ગામમાં ભરવાડ જ્ઞાતિનો આવો લગ્નયોગ આવેલો. દોઢેક હજારની કુલ વસ્તીના ગામમાં ભરવાડોનાં સૌ ઉપરાંત લગ્નો થયેલો અને એમાં કેટલાંક બાળકો તો એટલાં નાનાં હતા કે પરણતાં બચ્ચાં ઊંઘી ગયા હોય અને એમની માતાઓ એમને તેડીને અગ્નિ ફરતા ફરે, ફરતી હોય!

આ અને આવા કારણોસર આપણાં દેશમાં વિપુલ પ્રમાણમાં બાળલગ્નો થયાં કરે છે. એના પરિણામ ભૂંડા આવે છે. અમે નાનપણથી એવી કેટલીક ગ્રામીણ 'બાળ વિધવાઓને જોયેલી જેમને દેહને કષ્ટ આપી આપીને દેહ સૂકા લાકડાં જેવો બનાવી દીધો હોય, જેમણે ભાઇઓને ઘરે ભાભીઓની વગર પગારની ગુલામડી જેવી જિંદગી જીવવી પડી હોય, અથવા મથુરા-વૃંદાવન જઇને દાનના રોટલા પણ જીવવું પડતું હોય.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

મતદારોને વીવીપીએટી દ્વારા તત્કાલ માહિતી

ખાસ લેખ-૮
સામાન્ય ચૂંટણી-૨૦૧૪

પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો ભારત સરકાર

વોટર વેરીફાઇડ પેપર ઓડીટ ટ્રેઇલ (વીવીપીએટી) ની એક પધ્ધતિ છે. મતપત્ર વિનાની મતદાન પદ્ધતિનાં ઉપયોગ દ્વારા મતદારોને તત્કાળ માહિતી પૂરી પાડવામાં આવે છે. વીવીપીએટી ઇલેક્ટ્રોનીક વોટીંગ મશીન માટે સ્વતંત્ર ચકાસણીનો ઉદ્દેશ ધરાવતી પધ્ધતિ છે. આ પધ્ધતિના ઉપયોગથી મતદાર પોતાનો મત જેને આપવા ઈચ્છતા હતા તેને મળ્યો છે કે નહીં તેની ચકાસણી કરી શકે છે. આ પધ્ધતિ મતને બદલવાની અથવા મતનો નાશ કરવાની ગેરરીતિની આડે એક અવરોધ તરીકે કામ કરે છે.

વીવીપીએટી હેઠળ એક પ્રિન્ટર જેવું સાધન ઇલેક્ટ્રોનીક વોટીંગ મશીન (ઈવીએમ) સાથે જોડવામાં આવે છે. જ્યારે મત આપવામાં આવે ત્યારે અનુક્રમ નંબર, ઉમેદવારનું નામ અને પ્રતિક દર્શાવતી એક રસીદ તૈયાર થાય છે. તે મત અપાયો હોવાને સમર્થન આપે છે અને મતદાર તેની વિગતોની ચકાસણી કરી શકે છે. એક વખત આ રસીદ જોઈ લેવાય પછી તે ઈવીએમ સાથે જોડાયેલા એક કન્ટેનરની અંદર જતી રહે છે અને ભાગ્યે જ તેને ચૂંટણી અધિકારીઓ શોધી શકે છે.

આ પ્રણાલિ પ્રથમ વખત જ મતદારને તે અથવા તેણીને પોતાના મતને કાગળની રસીદના આધારે પડકારવાની તક પૂરી પાડે છે નવા નિયમ મુજબ બુથ ચૂંટણી અધિકારીએ મતદારની અસંમતિની પણ નોંધ રાખવી પડશે અને મતગણતરી વખતે તેને ધ્યાનમાં લેવાશે.

ઈવીએમ વિશે શંકા પ્રવર્તતી હોવાને લીધે નહીં. પરંતુ આખી પધ્ધતિને વધુ બહેતર બનાવવાના ભાગરૂપે વીવીપીએટી પધ્ધતિ વિકસાવવામાં આવી છે.

વીવીપીએટીના ઉપયોગ તરફ દોરી જતી ઘટનાઓની તવારીખ

- ૪ ઓક્ટોબર, ૨૦૧૦ ના રોજ મળેલી તમામ પક્ષોની બેઠકમાં ઇલેક્ટ્રોનીક વોટીંગ મશીનનો ઉપયોગ ચાલુ રાખવા માટે સર્વસંમતિ સધાઈ હતી અને કેટલાંક રાજકીય પક્ષોએ સૂચન કર્યું હતું કે, વોટર વેરીફાઇબલ પેપર ઓડીટ ટ્રેઈલનો સમાવેશ કરવાની શક્યતા તપાસવી જોઈએ.
- ચૂંટણીપંચે પેપર ટ્રેઈલની શક્યતાની ચકાસણી માટે આ બાબત નિષ્ણાતોની સમિતિને મોકલી આપી અને ઉત્પાદકોને એટલે કે ભારત ઈલેક્ટ્રોનીક્સ લિમિટેડ, બેંગલોર (બી.ઈ.એલ.) અને ઈલેક્ટ્રોનીક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમીટેડ, હૈદરાબાદ (ઈ.સી.આઈ.એલ.) ને વીવીપીએટી સીસ્ટમનો નમૂનો તૈયાર કરવા સૂચના પણ આપી.
- ટેકનીકલ નિષ્ણાતોની સમિતિની ભલામણના પગલે તિરૂવનંતપૂરમ, દિલ્હી, જૈસલમેર, ચેરાપૂંજી અને લેહમાં જુલાઈ ૨૦૧૧ માં સામાન્ય મતદારો, રાષ્ટ્રીય અને રાજ્યોના રાજકીય પક્ષો, સીવીલ સોસાયટી સંસ્થાઓ અને મીડીયા સહિત તમામ હિસ્સેદારોની હાજરીમાં અને તેમના સહયોગથી એક પરીક્ષણ હાથ ધરાયું હતું.
- પ્રથમ પરીક્ષણ બાદ સૂચવવામાં આવેલા ફેરફારોનો સમાવેશ કર્યા બાદ વીવીપીએટીના નમુનાનું બીજું પરીક્ષણ જુલાઈ-ઓગસ્ટ ૨૦૧૨ માં દિલ્હી, તિરૂવનંતપૂરમ, લેહ, જેસલમેર અને ચેરાપૂંજી ખાતે યોજાયું હતું. ટેકનીકલ નિષ્ણાતોની સમિતિએ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૩ ના રોજ મળેલી તેની બેઠકમાં વીવીપીએટી યુનિટની આખરી ડિઝાઈનને મંજૂરી આપી હતી.
- ભારત સરકારે તેના ૧૪ ઓગસ્ટ, ૨૦૧૩ ના જાહેરનામા દ્વારા ચૂંટણી યોજવાના નિયમો, ૧૯૬૧ માં સુધારો કર્યો છે અને પંચને ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન સાથે વીવીપીએટીના ઉપયોગ માટેનો માર્ગ ખૂલ્લો કરી આપ્યો છે.
- સપ્ટેમ્બર ૨૦૧૩ માં નાગાલેન્ડના તુએન્સાન્ગ જીલ્લામાં નોકસેન વિધાનસભા બેઠક માટે સૌપ્રથમ વખત ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન સાથે વોટર વેરીફાયેબલ પેપર ઓડીટ ટ્રેઈલ (વીવીપીએટી) નો ઉપયોગ કરાયો હતો.
- ઓક્ટોબર-૨૦૧૩ માં એક ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે સુબ્રમણ્યમ સ્વામી વિ. ભારતનું ચૂંટણીપંચનાં કેસમાં ઠેરવ્યું છે કે વીવીપીએટી વોટર વેરીફાઇડ પેપર ઓડીટ ટ્રેઈલ યુક્ત અને ન્યાયી ચૂંટણી માટે અનિવાર્ય છે અને વીવીપીએટી પધ્ધતિની ચોક્કસાઈ સુનિશ્ચિત કરવા માટે વીવીપીએટી સીસ્ટમને ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન સાથે સાંકળવા ભારતના ચૂંટણીપંચને આદેશ કર્યો હતો.
- સર્વોચ્ચ અદાલતે ચૂંટણીપંચને આગામી સામાન્ય ચૂંટણી ૨૦૧૪ માં તબક્કાવાર ઈવીએમમાં પેપર ટ્રેઈલનો સમાવેશ કરવા આદેશ આપ્યો અને જણાવ્યું કે તેને લીધે મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ સુનિશ્ચિત થશે. વોટર વેરીફાઇડ પેપર ઓડીટ ટ્રેઈલ (વીવીપીએટી) પ્રણાલી દાખલ કરવા માટે નાણાંકીય સહાય પૂરી પાડવા સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને પણ આદેશ કર્યો.
- સર્વોચ્ચ અદાલતના આદેશના પગલે નવી દિલ્હી વિધાનસભાની વિધાનસભા ચૂંટણીમાં વીવીપીએટી પ્રણાલિનો ઉપયોગ કરવાનો ચૂંટણીપંચે આદેશ કર્યો.